# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- **રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના નેતા નરેન્દ્ર મોદી આજે સાંજે પ્રધાનમંત્રી પદના શપથ લેશે, સાથે નવા મંત્રીમંડળના સભ્યો શપથગ્રહણ કરશે.**
- **વડોદરા શહેર અને જિલ્લામાં રક્તપિત્તના દર્દીઓને શોધવા આવતીકાલથી 29 જૂન સુધી 'રક્તપિત્ત દર્દી શોધ' ઝૂંબેશ હાથ ધરાશે.**
- ગાંધીનગર મહાનગરપાલિકાની આવતીકાલે યોજાનારી સામાન્ય સભામાં નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનની નિમણૂક કરાશે.
- **રાજ્યના મહત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો - આજે કેટલીક જગ્યાએ વરસાદની આગાહી**
- **રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી 123.98 મીટરે પહોંચી**
- **પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન મહાવિદ્યાલયોમાં આજે અનુસ્નાતક કક્ષાના ઑપન ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# SWEARING IN-WORLD LEADERS

રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના નેતા નરેન્દ્ર મોદી નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે આજે સાંજે સવા સાત વાગ્યે ત્રીજી વખત પ્રધાનમંત્રી પદ માટેના શપથગ્રહણ કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ નરેન્દ્ર મોદી અને તેમના સૂચિત મંત્રીમંડળના સભ્યોને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

અગાઉ, શુક્રવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના વડપણ હેઠળ રાષ્ટ્રીય લોકતાંત્રિક દળનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને મળ્યું હતું અને નરેન્દ્ર મોદીને  રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના સંસદીય પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢ્યા હોવાનો પત્ર સુપરત કર્યો હતો. રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના ઘટક પક્ષોનો ટેકો ધરાવતા પત્ર પણ રાષ્ટ્રપતિને સુપરત કરવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, નવી  દિલ્હીમાં નવી સરકારના આ શપથગ્રહણ સમારોહમાં બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના, મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિન્દકુમાર જુગનાથ, શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, નેપાળના પ્રધાનમંત્રી પુષ્પકમલ દહાલ ‘પ્રચંડ’ ભૂતાનના પ્રધાનમંત્રી શેરિંગ તોગબાય, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહમદ અફિફ અને માલદિવના રાષ્ટ્રપતિ ડૉક્ટર મોહમ્મદ મુઈઝુ ઉપસ્થિત રહેશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, આ નેતાઓ શપથવિધિ સમારોહ ઉપરાંત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા આજે સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત ભોજન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . .

રીપીટ

# important announcement

NDA સંસદીય દળના નેતા નરેન્દ્ર મોદી આજે સાંજે સવા સાત વાગ્યે પ્રધાનમંત્રી પદના શપથ લેશે. સાથે નવા મંત્રીમંડળના સભ્યો પણ શપથગ્રહણ કરશે. જેથી આજે સાંજના પ્રાદેશિક સમાચારના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આજે સાંજના પ્રાદેશિક સમાચાર 7.10 ને બદલે સાંજે સાડા છ વાગે પ્રસારિત કરવામાં આવશે.

-------

DESK, AJAY SIR, SONAL

# VADODARA RAKTAPITTA DARDI ZUMBESH

વડોદરા શહેર અને જિલ્લામાં રક્તપિત્તના દર્દીઓને શોધવા માટે આવતીકાલથી 29 જૂન સુધી ‘રક્તપિત્ત દર્દી શોધ’ ઝૂંબેશ હાથ ધરાશે. રક્તપિત્ત રોગ અંગે જાગૃતિ વધારવા અને રક્તપિત્ત નિર્મૂલન કરવાના હેતુસર વડોદરા જિલ્લા અને મહાનગરપાલિકાના નિયત વિસ્તારોમાં કુલ એક હજાર 687 ટીમ આ ઝૂંબેશમાં જોડાશે.

આ અભિયાન દરમિયાન કુલ 24 લાખ 56 હજાર 734 લોકોની રક્તપિત્ત માટે આરોગ્ય ચકાસણી કરવામાં આવશે. અને જે વ્યક્તિને રક્તપિત્તના શંકાસ્પદ ચિહ્નો જણાને તેમને નજીકના આયુષ્માન આરોગ્ય મંદિર, પ્રાથમિક કે સામૂહિક આરોગ્ય કેન્દ્ર તેમ જ હૉસ્પિટલ પર નિદાન અને સારવાર માટે મોકલવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ શોધ અભિયાન અંગે કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર બિજલ શાહનાં અધ્યક્ષસ્થાને ગુરૂવારે બેઠક યોજાઈ હતી. અહીં કલેક્ટરે આરોગ્ય વિભાગના અધિકારીઓને આ રોગના મૂળ કારણો સુધી પહોંચવા તાકીદ કરી હતી.

---

- SOURCE – HINDUSTHAN SAMACHAR - PRAVESH.

-(નવીન)

# G.M.C. General Assembly

ગાંધીનગર મહાનગરપાલિકાની આવતીકાલે યોજાનારી સામાન્ય સભામાં નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન સહિત વિવિધ સમિતિના સભ્યોની નિમણૂક કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણી માટેની આચારસંહિતાના કારણે મહાનગરપાલિકાની સામાન્ય સભા યોજાઇ શકી નહતી. આ વર્ષે મેયરનું પદ મહિલા માટે અનામત હોવાથી મહાનગરપાલિકાને મહિલા મેયર મળશે.

ભાજપ પાસે અત્યારે ગાંધીનગર મહાનગરપાલિકામાં 44માંથી 43 કોર્પોરેટર છે.

નવા સભ્યોની નિમણુંક આ અંગે ત્રણ નિરીક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરાઇ હતી. ત્યારબાદ નામો ભાજપના પ્રદેશ અધ્યક્ષને મોકલી આપવામાં આવ્યા છે.

અમારા ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ નવી સરકારના શપથવિધિ કાર્યક્રમમાં હાજરી આપવા દિલ્હી ગયા હોવાથી ત્યાંથી જ નામો નક્કી કરીને મોકલશે.

---

- પીટીસી ગાંધીનગર / જયેશ વેગડા -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# Weather

રાજ્યના હવામાન વિભાગની આગાહી મુજબ, આજે દાહોદ અને પંચમહાલ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની સંભાવના છે. જ્યારે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં કેટલીક જગ્યાએ મધ્યમ વરસાદ વરસી શકે છે.

રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમદાવાદ, ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. જ્યારે બનાસકાંઠાના ડીસા, રાજકોટ, વડોદરા અને વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિગ્રી, કંડલા એરપોર્ટ પર 41 ડિગ્રી, ભાવનગર અને ભુજમાં 40 ડિગ્રી જ્યારે અન્ય જિલ્લાઓમાં 40 ડિગ્રીથી ઓછું મહત્તમ તાપમાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------

- Source – imd Ahmedabad - Pravesh.

-(નવીન)

# STATE RAIN

રાજ્યમાં કેટલીક જગ્યાએ ધીમે પગલે મેઘરાજાનું આગમન થઈ ગયું છે. ગઈકાલે છોટાઉદેપુર, બોટાદ સહિતના અનેક જિલ્લાઓમાં વરસાદ વરસ્યો હતો. બોટાદના ઈંગોરાળા, પીપરડી, ઘોઘાસમડી, સીતાપર સહિતના ગામમાં વાતાવરણ અચાનક બદલાઈ ગયું હતું. ત્યારબાદ વીજળીના કડાકા સાથે વરસાદ વરસતા લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી હતી.

છોટાઉદેપુર જિલ્લાના રાઠ વિસ્તારમાં પણ મુશળધાર વરસાદ વરસ્યો હતો. મધ્યપ્રદેશના ઉપરવાસમાં ભારે વરસાદ વરસતા અહીંની ઓરસંગ નદીમાં નવા નીરનું આગમન થયું હતું. જ્યારે ક્વાંટ તાલુકાના રેણદી ગામમાંથી પસાર થતી તાપણ નદીમાં પૂર આવ્યું હતું.

છોટાઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી 11 જૂન સુધી જિલ્લામાં વરસાદની આગાહી છે. ગઈકાલે ક્વાંટ તાલુકામાં કુલ પોણા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો.

નર્મદા જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી 123.98 મીટરે પહોંચી ગઈ છે. નર્મદા ડેમની મહત્તમ સપાટી 138.68 મીટરની છે.

------------------------------------------------------------------

- **Source – ptc – Chhota udepur – botad – narmada pravesh.** -(નવીન)

# North Gujarat University Recruitment

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન 227 જેટલી સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં અધ્યાપકો, આચાર્ય, ગ્રંથપાલ, શારીરિક શિક્ષણ અધ્યાપક સહિત ચાર હજાર 500 જેટલી જગ્યાઓ પર ભરતી માટે બે દિવસીય ઑપન ઇન્ટરવ્યૂનું આયોજન કરાયું છે

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે ગઇકાલે ઇન્ટરવ્યૂના પ્રથમ દિવસે સ્નાતક કક્ષાના ઇન્ટરવ્યૂમાં મોટી સંખ્યામાં ઉમેદવારો હાજર રહ્યા હતા અને જ્યારે આજે બીજા દિવસે અનુસ્નાતક કક્ષાના ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું છે. ઇન્ટરવ્યુના સ્થળે નોંધણી માટે જુદા જુદા સ્ટોલ બનાવવામાં આવ્યા છે. ઉમેદવારો માટે તેમની લાયકાત મુજબ નોંધણી કરાયા બાદ કોલેજમાં વિવિધ ક્લાસરૂમમાં ઇન્ટરવ્યૂની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સમૂહ ઓપન ઇન્ટરવ્યૂ અંગે પત્રકારોને માહિતી આપતા કો-ઓર્ડીનેટર ડો. લલિત પટેલએ જણાવ્યું હતું કે વિશ્વવિદ્યાલય સંલગ્ન 227 જેટલી કોલેજમાં આર્ટસ, કોમર્સ, સાયન્સ, બીબીએ, બીસીએ, BSW, MSW, BRS, MRS, ફાયર એન્ડ સેફ્ટી જેવી વિવિધ ફેકલ્ટીના સહાયક અધ્યાપક, પ્રિન્સિપાલ, પીટીઆઈ અને ગ્રંથપાલ જેવી ચાર હજાર 500 જેટલી જગ્યાઓ માટે પાટણ કોલેજ કેમ્પસમાં ઇન્ટરવ્યૂનું આયોજન કરાયું છે.

શ્રી પટેલે ઉમેર્યું કે યુજીસીના નિયમ મુજબ, લાયકાત ધરાવતા નેટ, સ્લેટ, પીએચડીની લાયકાત ધરાવતા હોય તેમને પ્રથમકક્ષાએ પસંદગી થશે અને યુનિવર્સિટી દ્વારા તેમને કાયમી માન્યતા આપવામાં આવશે જ્યારે આ સિવાયના લાયકાત ધરાવતા ઉમેદવારોને શરતી માન્યતા સાથે 11 મહિનાના કરાર આધારિત જેતે મેનેજમેન્ટ દ્વારા નિમણૂક અપાશે.

---

- પીટીસી પાટણ / જયેશ વેગડા -(નવીન)

# Surendranagar Cleanliness Campaign

સુરેન્દ્રનગર-દૂધરેજ-વઢવાણ નગરપાલિકા વિસ્તારમાં નિર્મળ ગુજરાત સ્વચ્છતા પખવાડીયા દરમ્યાન ગઇકાલે વિવિધ ખુલ્લા પ્લોટ, સોસાયટીના કોમનપ્લોટ સહિત અનેક વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, RAY આવાસ ખાતે ઉગી નીકળેલ ઝાડી-ઝાંખરા દૂર કરવા અને દૂધરેજ રેલવે ઓવરબ્રિજથી ધ્રાંગધ્રા જતા મુખ્ય રસ્તા ઉપર નડતરરૂપ બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવામાં આવ્યા હતા તેમ જ આસપાસનો કચરો દૂર કરી રસ્તા સ્વચ્છ કરવામાં આવ્યા હતા.

---

- પીટીસી સુરેન્દ્રનગર / જયેશ વેગડા -(નવીન)

# Porbandar cleaning campaign

પોરબંદર નગરપાલિકા દ્વારા કરવામાં આવી રહેલી સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી દરમ્યાન અનેક વિસ્તારમાં સફાઈ કરવામાં આવી.

પોરબંદર જિલ્લાના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, નગરપાલિકા દ્વારા નિર્મળ ગુજરાત 2.0 અંતર્ગત સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી 15 જૂન સુધી ચાલશે, ગઈકાલે શહેરના ઝુંડાળા, કડિયાપ્લોટ, કુંભારવાડામાં આવેલા વિવિધ વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી હતી અને આ વિસ્તારના લોકોને જ્યા ત્યાં કચરો ન ફેંકવા તેમ જ કચરો એકઠો કરી ડોર ટુ ડોર કલેક્શન માટે આવતા વાહનમાં અથવા કચરાપેટીમાં જ કચરો  નાખવા અપીલ આવી હતી અને ગંદકી કરવાથી થતા નુકસાન અંગે માહિતી પણ આપવામાં આવી હતી.

---

- પીટીસી પોરબંદર / જયેશ વેગડા -(નવીન)

# AMBAJI DHAJA

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરના ટ્રસ્ટે નિર્ણય કર્યો છે કે, શ્રદ્ધાળુઓએ અંબાજી મંદિરે અર્પણ કરેલી ધજા વિનામૂલ્યે તેમના ઘર સુધી પહોંચાડવામાં આવશે. કોઈ પણ પ્રકારના કુરિયરના ચાર્જ લીધા વગર માતાજીને અર્પણ કરેલી ધજા શ્રદ્ધાળુઓને ઘરેબેઠા પહોંચાડવાનું આયોજન કરી અંબાજી મંદિરે નવી પહેલનો પ્રારંભ કર્યો છે.

બહાર રહેતા શ્રદ્ધાળુઓએ અંબાજી મંદિરના ટેમ્પલ ઈન્સ્પેક્ટરના મોબાઈલ નંબર 97260 86882 પર સંપર્ક કરી પોતાનું સરનામું નોંધાવવાનું રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યાત્રિકો પોતાના ગામમાં કોઈ પણ મંદિરે અંબાજી મંદિરે અર્પણ કરેલી ધજા ફરકાવેને માતાજીના આશીર્વાદ તે સમગ્ર ગામ ઉપર બનેલા રહે તેવા આશયથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

- HINDUSTHAN SAMACHAR – PRAVESH -(નવીન)